RCS/578/2008 ORDER

**IN THE CIVIL COURT AT AHMEDABAD**
**REGULAR CIVIL SUIT NO. 578 OF 2008.**

**Plaintiff**:

**1.** PRAMODRAY TRIKAMLAL MISTRI
1, MANILALNAGAR, CHANDLODIA, ABAD

**VERSUS**

**Defendant**:

**1.** MAHESHBHAI TRIKAMLAL MISTRI
1, MANILALNAGAR,CHANDLODIA,ABAD

**Appearance:**
S.D.NAYAK For Plaintiff 1
D.N.BHAVSAR For Defendant 1

---

**ORDE** **રે.દી.મુ.નંબર-૫૭૮/૨૦૦૮**

**આંક-૧૨. કામચલાઉ મનાઈ અરજી તળે હુકમ-**

**૧))...** આ કામમાં હાલનો હુકમ આંક-૫ ની કામચલાઉ મનાઈ અરજી તળે કરેલ હોય અરજીની હકીકતોનું પુનરાવર્તન ટાળવા સારુ ચર્ચા કરેલ નથી. તથા વાદી તર્ફે આંક-૩ ના લીસ્ટથી નિ.૩/૧ થી ૩/૩નો દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે. તથા વાદીએ આંક-૧૭ થી રીજોઈન્ડર અને લેખીત દલીલ રજુ કરેલ છે.

૨))... પ્રતિવાદીંને દાવાના સમન્સ, નોટીસ બજવતા પ્રતિવાદીંએ હાજર થઈ વાદીના દાવા તથા મનાઈ અરજીનો આંક-૯ તથા આંક-૧૫ થી લેખીત જવાબ રજુ કરી વાદીના દાવા તથા મનાઈ અરજીની હકીકતોને પડકારેલ છે. તથા પ્રતિવાદી તરફે આંક-૧૦ ના લીસ્ટથી નિ.૧૦/૧

થી ૧૦/૩ સુધીનો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. તથા આંક-૧૬ થી લેખીત દલીલો રજુ કરેલ છે.

૩)).. આ કામમાં મારા િનર્ણય માટે નીચેના મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે.?

(૨) શું સગવડ-અગવડનું પલ્લુ વાદીની તરફેણમાં છે.?

(૩) શું માંગ્યા મુજબનો મનાઈ હુકમ વાદીને ન આપવામાં આવે તો તેઓને નાણાંમાં ભરપાઈ ન થાય તેવું નુકશાન થાય તેમ છે

(૪) શું હુકમ ?

૪)).. ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**<u>નિ ર્ણ યો</u>**

૧. નકારમા.

૨. નકારમા.

૩. નકારમાં.

૪. આખરી હુકમ મુજબ.

**<u>કા ર ણો</u>**

**<u>મુદા નં.૧ થી ૩ સાથે</u>**

૫))... મુદા નંબર-૧ થી ૩ પરસ્પર સંકળાયેલા હોય અને તેની ચર્ચા એક સાથે કરવી સુગમ હોય તથા પુનરાવર્તન ટાળવાના હેતુથી તેની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

આ કામમા વાદીની આંક-૧૭ થી લેખીત તથા પ્રતિવાદીની આંક-૧૬ થી રજુ થયેલ

લેખીત દલીલો વંચાણે લીધી. આ કામમા વાદીની પ્લીડીંગ તેમજ લેખીત દલીલો જોતા મુખ્યત્વે વાદીની પ્લી એવી છે કે વાદગ્રસ્ત જગ્યા એટલે કે અમદાવાદ જીલ્લાના ચાંદલોડીયા વિસ્તારમાં મણીલાલ નગર એ નામના સોસાયટીના બંગલા નં.૧ વાળી મીલકત કે જે મીલકતને હવે પછી વાદગ્રસ્ત જગ્યા તરીકે ઓળખાવેલ છે. સદર વાદગ્રસ્ત મીલકત વાદીના કબજા ભોગવટા અને માલીકીની મીલકત છે અને સદર વાદગ્રસ્ત મીલકત વાદીએ સને ૧૯૮૨ ની સાલમાં કાંતાબેન મણીલાલ પાસેથી એટલે કે મુળ માલીક પાસેથી ૨૦૦ વારનો પ્લોટ ખરીદ કરેલો અને સને ૧૯૯૫ મા તેના ઉપર બાંધકામ કરેલ અને ત્યારબાદ સને ૧૯૯૭ મા વાસ્તુ કરેલ અને તે રીતે વાદગ્રસ્ત જગ્યા વાદીની માલીકીની હતી અને તેમા પ્રતિવાદી જે વાદીના સગા થતા હોય જેથી માત્ર તેમને રહેણાંકના હેતુથી વાદગ્રસ્ત જગ્યા રહેવા માટે આપેલી જેમા બે રુમ આપેલા અને ત્યારબાદ તારીખ ૪-૭-૨૦૦૮ ના રોજ વાદીએ પ્રતિવાદીને કાયદેસર નોટીસ આપેલ અને જે નોટીસ રીફ્યુઝના શેરા સાથે પરત ફરેલ અને બીડો પરત આવી ગયેલ અને મજકુર નોટીસ પ્રતિવાદીએ સ્વિકારેલ નહિ. જેથી  વાદી વાદગ્રસ્ત જગ્યાનો કબજો પરત મેળવવા હકદાર હોય તેથી વાદીએ હાલનો દાવો દાખલ કરેલ અને ત્યારબાદ વાદગ્રસ્ત મીલકત વેચાણ, ગીરો કરે નહી તે માટે હાલની વચગાળાની અરજી કરેલ છે.

૬))...  સામા પક્ષે પ્રતિવાદીએ તેની લેખીત દલીલમા મુખ્યત્વે એવુ જણાવેલ છે કે, વાદી ચોખ્ખા હાથે આવતા નથી. વાદીએ સત્ય હકીકત છુપાવેલ છે. વાદગ્રસ્ત જગ્યા વડીલોપાર્જીત મીલકત છે અને તારીખ ૨-૫-૧૯૯૬ ના રોજ હાલના વાદીને વાદગ્રસ્ત મકાન તેમજ અન્ય દુકાન માટે પ્રતિવાદીએ નોટીસ આપેલી અને જેમા સ્પષ્ટ ઉલ્લેખ કરેલ કે વાદગ્રસ્ત જગ્યા વડીલોપાર્જીત છે, જેથી વાદી પોતાના કથન પર ઉભા રહેતા નથી અને વાદીને સમન્યાયની દાદ

મેળી શકે નહિ તેવી દલીલ કરેલ છે.

આ કામમા ઉભય પક્ષની દલીલો લક્ષમા લેતા અને માર્ક-૩/૩ વાળી મ્યુનિસિપાલીટીની પહોંચ જોતા તે સને ૨૦૦૭-૨૦૦૮ ની પહોંચ છે અને તેમાં વાદીનું નામ જણાય છે અને ઓકયુપાયર તરીકે પણ વાદીનું નામ છે. માર્ક-૩/૨ બંધ કવરની ઝેરોક્ષ છે જેમા પોષ્ટનો રીફયુઝનો શેરો છે. અને માર્ક-૩/૧ વાદીના પ્લીડીંગ મુજબ ૪-૭-૨૦૦૮ વાળી નોટીસની સ્થળપ્રત રજુ કરેલ છે. સામા પક્ષે પ્રતિવાદીનો દસ્તાવેજ જોવામાં આવે તો વાદગ્રસ્ત જગ્યાના મુળ માલીકે ૭-૧૨ ની એન્ટ્રીનો ઉતારો માર્ક-૧૦/૧ થી રજુ કરેલ છે, અને માર્ક-૧૦/૨ થી સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષના વેરાની પહોંચ રજુ કરેલ છે. જેમા વાદીનુ નામ સામેલ છે અને ઓકયુપાયર તરીકે પ્રતિવાદીનું નામ છે. માર્ક-૧૦/૩ થી પ્રતિવાદીએ તારીખ ૨-૫-૧૯૯૬ વાળી નોટીસ રજુ કરેલ છે જે નોટીસ જોતા પ્રતિવાદીએ વાદીને નોટીસ આપેલી અને જેમા ૧૯૯૬ ની સાલમા પ્રતિવાદીએ એવી તકરાર લીધેલી છે કે વાદગ્રસ્ત જગ્યા વડીલોપાર્જીત મીલકત છે અને વાદગ્રસ્ત મીલકતમા પ્રતિવાદીનો હકક છે. સદર નોટીસનો કોઈ જવાબ વાદીએ જે તે વખતે આપેલ નથી કે વાદીએ તે અંગે કોઈ તકરાર લીધેલ નથી અને ત્યારબાદ સને ૨૦૦૮ ની સાલમાં હાલની નોટીસ આપી વાદગ્રસ્ત જગ્યા વાદીની સ્વતંત્ર માલીકીની હોય તેવી પ્લી લીધેલી છે, અને વાદીના જ પ્લીડીંગ મુજબ સને ૧૯૮૨ મા બસો વાર પ્લોટ ખરીદ કરેલ અને ૧૯૯૫ મા બાંધકામ કરેલ તો તેવી કોઈ હકીકત વાદી પુરાવાથી સાબીત કરી શકેલ નથી. આ કામમા જયાંસુધી પુરાવો લેવામા ન આવે ત્યાંસુધી વાદી પોતાના પ્લીડીંગ મુજબની હકીકત પ્રથમદર્શનીય સાબીત કરી શકતા નથી, અને આ કામમા ૧૯૯૬ થી ૨૦૦૮ સુધી પ્રતિવાદીએ વાદગ્રસ્ત જગ્યા વડીલોપાર્જીત હોવાનુ જણાવેલ તો તે અંગે વાદીએ કોઈ વિરોધ દર્શાવેલ નથી,

જેથી વાદી પોતાનો પ્રથમ દર્શનીય કેસ સાબીત કરવામા નિષ્ફળ જાય છે તેમજ બેલેન્સ ઓફ કન્વીયન્સ  વાદીની તરફેણમા ન હોય અને નાણાંથી ભરપાય ન થાય તેવુ કોઈ નુકશાન વાદીને થતુ હોવાનુ વાદી સાબીત કરી શકતા ન હોય તેથી મુદા નં.૧ થી ૩ નો જવાબ નકારમા આપી મુદા નં.૪ પરત્વે નીચે મુજબનો આખરી હૂકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

(૧)  આથી વાદીની આંક-૫ ની કામચલાઉ મનાઈ અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨)  અરજીનુ ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

હુકમ આજ તારીખ ૧ લી માહે-જુલાઈ  સને ૨૦૧૪ ના રોજ ખુલ્રી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ

તારીખ-૦૧-૭-૨૦૧૪

( એ.જે.કાનાણી.)
ચોથા એડી. સીની.સીવીલ જજ,
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર.
યુ.આઈ.સી.-જી.જે.૦૦૬૬૨.

એચ.કે.ખાંદળા.
(પી.એ.)